# મૂલ્યવાન અનુવાદનનું કુશળ સંકલન ! | રાધેશ્યામ શર્મા

[**'કાવ્યજિજ્ઞાસા અને ગદ્યછંદમીમાંસા'** : અનુ. નગીનદાસ પારેખ, સંકલન : અનિલા દલાલ, સમ્યક્ પ્રકાશન, ૩૪, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, પૃ. ૧૯૫, કિં. રૂ. ૪૦/-]

શ્રી નગીનદાસ પારેખે પોતાનું ઉપનામ 'ગ્રન્થકીટ' રાખેલું, એમણે પ્રશિષ્ટ વિવેચનગ્રન્થોમાં પ્રવેશી મૂલ્યવાન અનુ-વાદન કરેલું જે આજે અને કાલે ઉપયોગી બની રહેશે. સુરેન્દ્રનાથ દાસગુપ્તાના 'કાવ્યવિચાર'નો અનુવાદ ૧૯૪૪માં, સોળ વર્ષ પછી અતુલચંદ ગુપ્તના 'કાવ્ય-જિજ્ઞાસા'નો અનુવાદ ૧૯૬૦માં, અબૂ સઈદ ઐયૂબના ખ્યાતનામ 'આધુનિકતા ઓ રવીન્દ્રનાથ'માંથી થોડાં પ્રકરણો પસંદ કરી 'કાવ્યમાં આધુનિકતા' અનુ. પુસ્તક ૧૯૬૯માં આપ્યું. ૧૯૬૯માં એક મહત્ત્વનો સ્વતંત્ર રસમીમાંસાત્મક ગ્રન્થ 'અભિનવનો રસવિચાર અને બીજા લેખો' નામે આવ્યો એને દિલ્હીસાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો.

આવું બધું તો થઈ રહ્યું પણ આ સર્વ વિદ્યાકીય વિવેચનપુરુષાર્થનું પુનઃ સંકલન કરવાનો વિચાર પ્રા. અનિલા દલાલને એટલા માટે આવ્યો કે કેટલીક સામગ્રી અપ્રાપ્ય થઈ ગઈ હતી એનું પુનર્મુદ્રણ થાય તો કાવ્યતત્ત્વવિચારણામાં રુચિ રાખનારા રસજ્ઞો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને અનુપલબ્ધિનો ક્લેશ ના થાય અને અભ્યાસ અસ્ખલિત રહે. પ્રસ્તુતનું કુશળ સંકલન 'કાવ્યજિજ્ઞાસા અને ગદ્યછંદમીમાંસા' નામે ૨૦૦૫માં થયું. એમાં ભારતીય કાવ્યશાસ્ત્રની મૂળભૂત વિભાવનાઓ રસ, ધ્વનિ, શબ્દ અને અર્થ આદિનું નિરૂપણ એવી રીતે થયું છે કે આધુનિક ભાવકો તથા અભ્યાસીઓને આજે પણ ઉત્તેજક પાથેય મળી રહે. 'રસાસ્વાદની સમસ્યા' સનાતન સમસ્યા છે. પરમ્પરાપરક ચર્ચાથી હટીને રસવિચાર અહીં ખાસ દૃષ્ટિકોણથી રજૂ થયો છે. ગુજરાતી ગિરામાં છંદો વિશેની વિચારણા સમયે સમયે થતી રહી છે અને ગદ્યમાં કાવ્ય અર્થાત્ અછાંદસ રચનાઓનો બહોળો ફાલ થતાં એની પણ ચર્ચા ચાલુ રહી છે. (અછાંદસ કવિતા વિશેનું પુસ્તક હમણાં વિવેચક ચન્દ્રકાન્ત ટોપીવાળા તરફથી પણ મળ્યું.) પ્રસ્તુત સંકલનના વિભાગ-2માં 'ગદ્ય-છંદમીમાંસા' મથાળા હેઠળ રવીન્દ્રનાથ ઠાકુરના બે વિષયસમર્પક લેખો છે. (૧) 'ગદ્યકાવ્ય' (2) 'કાવ્યમાં ગદ્યરીતિ'; વિશેષમાં પ્રબોધચંદ્ર સેનનો લેખ 'રવીન્દ્રનાથની ગદ્યકવિતાનો છંદ' છે.

સંકલનકારની દૃષ્ટિ રસપ્રદ છે. વાચકને ટાગોરની ગદ્યકાવ્યકૃતિ અને ગદ્યરીતિ અંગેનો લાભ, વળી પ્રબોધચંદ્ર સેન સમા છંદમર્મજ્ઞની લેખિની વડે ટાગોરની ગદ્યકૃતિઓની છંદ-નિરીક્ષા સાંપડે.

રવીન્દ્રનાથનું 'લિપિકા' બહાર મુકાયું ત્યારે બંગાળી ભાષામાં ગદ્યછંદ પ્રયોજવાનું સાહસ તો કર્યું પણ કવિના નિખાલસ કન્ફેશન અનુસાર 'ભીરુતાના કારણે કવિતાની જેમ છાપવાને બદલે ગદ્યની જેમ જ એ રચનાઓ છપાઈ હતી !' જગતખ્યાત 'ગીતાંજલિ'ના અંગ્રેજી અનુવાદમાં ગદ્યછંદનો વિનિયોગ થયો હતો, અને એમનો કાવ્યસંચય 'પુનશ્ચ' પણ ગદ્યછંદમાં અવતરેલો.

વિભાગ-૧ : 'કાવ્યજિજ્ઞાસા'માંનાં વિવિધ પ્રકરણોમાંથી આ લખનારને રસાવાહ અંશો પ્રતીત થયા એ સંક્ષેપમાં મૂકું.



(૧) ''વાચ્યની પારના કાવ્યતત્ત્વના આસ્વાદનથી જેઓ વિમુખ છે, તેમને સાચો કાવ્યાર્થ અગોચર રહે છે.'' ....આલંકારિકો કાવ્યના એ વાચ્યાતિરિક્ત ધર્મને, અભિવ્યંજનાને 'ધ્વનિ' એવું નામ આપેલું છે'' (પૃ. ૭)

વાચ્યાર્થની પાર જતો શ્લોક કાલિદાસના 'કુમારસંભવ'માંથી મળ્યો, જેના કાવ્યત્વ વિશે કોઈ સુજ્ઞ સંદેહપ્રેતનો શિકાર નહીં બને, એનો અનુવાદ. માણો :

**''દેવર્ષિ વદતાં એવું પિતા પાસે અધોમુખે**
**લીલાકમળપત્રોને પાર્વતી ગણતી હવી''** (પૃ. ૧૪)

દેવર્ષિ અંગીરા, મહાદેવ સંગાથે પર્વતસુતાના લગ્નનો પ્રસ્તાવ લઈને હિમાલય પાસે આવ્યા ત્યારનું આ વર્ણન – જાણે કે કાલિદાસના સિનેમેટિક ઈસ્થેટિકનું પરિચાયક લાગશે. જુઓ, એક તરફ પાર્વતીના પિતા હિમાલય સમક્ષ અંગીરા પ્રોપોઝ કરતા ખડા છે, ત્યારે મહાકવિનું કૅમેરાનેત્ર ક્લોઝઅપ-ઍક્શનમાં પાર્વતીને કેવું ઝડપે છે ? વિનયસંકોચથી ઉમા અધોમુખ અને અન્યમનસ્ક હોય તેમ લીલા કમળપત્રોને ગણતાં દર્શાવ્યાં છે !

(2) દેરિદાની મીમાંસા સાથે તેમજ તેની સામે ભારતીય આલંકારિકોની 'રસ'-કીય વિચારણા તોળી તપાસવા જેવી છે આ મુદ્દે :

''આલંકારિકની ભાષામાં તે રસ તો છે सहृदयहृदयसंवादी. તત્ત્વને માર્ગે જરા આગળ જઈને આલંકારિકો કહે છે કે કાવ્યરસાસ્વાદી સહૃદય માણસના મનની બહાર 'રસ'નું બીજું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી...''

''કાવ્યરસનો આધાર કાવ્ય પણ નથી, કવિ પણ નથી – પણ સહૃદય કાવ્યવાચકનું મન છે.'' (પૃ. ૧૯)

કવિની કારયિત્રી પ્રતિભાએ ભળે કાવ્ય સર્જી દીધું, પરંતુ સ્વચ્છ દર્પણવત્ હૃદયશીલ ભાવકનું મન એને કેવા આકાર-પ્રકારે ઝીલશે એના પર મોટો મદાર અત્રે ચીંધાયો છે.

(૩) ભાવનું રસમાં પરિણમન સહૃદયની ચેતના કરે તે ખરું, પરંતુ જેટલા જેવા ભાવ જાગે એ બધા કાવ્ય નામને પાત્ર નથી હોતા. આની સ્પષ્ટતા થઈ છે તે સાંપ્રત વિષમ પરિસ્થિતિના અનુલક્ષમાં સમયસરની ગણાય :

'જેને લીધે મનમાં 'ભાવ' જાગે તે જ જો કાવ્ય હોત, તો તો આજ આપણા દેશમાં જે બધાં હિંદુમુસલમાન છાપાંઓ મુસલમાનો પ્રત્યે હિંદુઓના અને હિંદુઓ પ્રત્યે મુસલમાનોના ક્રોધને જગાડવાનો પ્રયાસ કરે છે, તેઓ પ્રથમ પંક્તિનાં કાવ્યો કહેવાત.' (પૃ. ૨૯)

(૪) 'શબ્દ અને કથા' પ્રકરણમાં 'ધ્વન્યાલોક'નો એક શ્લોક આધુનિક કે અનુ-આધુનિક સર્જનસંબંધે પણ ધ્યાનાર્હ છે : 'માણસને જોઈએ છે પ્રકાશ પણ તેણે સળગાવવો પડે છે દીવો. કવિનું લક્ષ્ય છે રસ, પણ તેણે સર્જન કરવું પડે છે કાવ્યના શબ્દાર્થમય કથાવસ્તુનું...'

...'કાવ્યનો આધાર કેવળ કાવ્ય ઉપર નથી હોતો, વાચકના મન ઉપર પણ હોય છે.' (પૃ. ૪૬)

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ કે કવિતાકળાની – કર્તાની આત્મલક્ષી – સંકુલતા તેમજ સૂક્ષ્મતાને પ્ર-માણવા ભાવકમાત્રે અર્ધે રસ્તે જઈ અર્ધ સર્જક હોવું ઘટે. રસ્તાની વાત નીકળી છે તો અછાંદસ-ગદ્યકાવ્યના સંદર્ભે રવીન્દ્રનાથે અત્યંત વિશદ અને સચોટ વિધાનો વેર્યાં છે

તે સાંપ્રત વિવેચને પણ પુનરપિ સ્મરણીય લેખવાં પડે એવાં છે :

> ‘કવિ ચાલુ ચીલાની બહાર જતો હોય છે ત્યારે કમમાં કમ થોડા સમય માટે વાચકોના આરામમાં ખલેલ પડે છે એટલે તેઓ નવા રસની આયાતનો અસ્વીકાર કરીને સજા કરે છે. જ્યાં સુધી ચાલી ચાલીને રસ્તો ન પડી જાય ત્યાં સુધી રસ્તો પાડનારની વિરુદ્ધ વટેમાર્ગુઓનો ઝઘડો જાગવાનો... (પૃ. ૧૬૪)

> ‘હવે ચર્ચાનો વિષય એ છે કે કાવ્યનું સ્વરૂપ છંદોબદ્ધ શણગાર ઉપર સંપૂર્ણપણે આધાર રાખે છે કે નહિ (?). કેટલાક માને છે કે રાખે છે; હું માનું છું કે નથી રાખતું. અલંકરણના બાહ્ય આવરણમાંથી મુક્ત થઈને કાવ્ય સહેજે પોતાને વ્યક્ત કરી શકે છે.’ (પૃ. ૧૬૫)

વાલેરીએ પદ્યને નર્તન અને ગદ્યને ચાલવા સાથે સરખાવેલું એનો ટાગોરસિદ્ધ પ્રતિભાવ કેવો હોય ? તો તે અહીં છે :

> ‘નટીના નાચમાં શિક્ષણથી મેળવેલા કૌશલથી અલંકૃત પગલાં હોય છે, બીજી બાજુ સારું ચાલતી હોય એવી કોઈ તરુણીની ચાલમાં વજન સાચવવાનો એક સ્વાભાવિક નિયમ હોય છે’...

> ....‘ગદ્યમાં પદ્યના રસનું અને પદ્યમાં ગદ્યના ગાંભીર્યનું સ્વાભાવિક રીતે આદાનપ્રદાન ચાલે છે.’ (પૃ. ૧૬૪)

પ્રવર્તમાન વિવેચના, અછાંદસ કવિતાના પ્રાથમિક ઉમંગ-ઉછાળાના વૈપુલ્યથી ગભરાઈ ઊભરાઈને કવિતાકળાનું શું થશે એવા ખ્યાલથી ભ્રમિત થઈ છે. તત્ત્વચિન્તનને બદલે તે ચિન્તાનિમજ્જન કરતી રહે છે ત્યારે ભૂલી જવાય કે કાળ જ સૌથી મોટો વિવેચક છે. એની ચારણી આપણાં લઘુક ચિત્તતંત્ર કરતાં અતિ સૂક્ષ્મ છે; કસ્તર નીકળી જશે ત્યાં. ક્યારેક તો કાળ પણ કવિના સર્જનને તત્કાલ ન્યાય આપવામાં નિષ્ફળ જાય છે ત્યારે નિસ્પૃહ સર્જક વિપુલ પૃથ્વી અને નિરવધિ કાળપ પર સમાનધર્માની પ્રતીક્ષા કરવાનું પસંદ કરે છે. આવું ભાથું પૂરું પાડવા માટે ‘સમ્યક્’ પ્રકાશનને સાધુવાદ....


પરબ □ 2008